# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## ચોથો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૧લી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૦૩/૭/૨૦૧૯ના રોજ ત્રણ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૯નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૮નું ગુજરાત ભિક્ષા પ્રતિબંધક (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૧૯નું ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક.

**૨.** સોમવાર, તા. ૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજ પ્રશ્નોત્તરી બાદ વૈધાનિક અને સંસદીય બાબતોના માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦) હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો. ત્યારબાદ નીચે જણાવ્યા મુજબના પાંચ સરકારી વિધેયકો ક્રમાનુસાર ચર્ચા માટે હાથ ધરવા. આ વિધેયકો પૈકી ચર્ચા માટે બાકી રહેતા વિધેયકોને ગુરૂવાર, તા.૨૫મી જુલાઇ, ૨૦૧૯ના રોજ ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી

(૨)...

કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૯

(૨) ગુજરાત સંસ્કૃત શિક્ષણ બોર્ડ વિધેયક, ૨૦૧૯

(૩) ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

(૪) ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯

(૫) ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧લી જુલાઈ, ૨૦૧૯**

**રાજેન્દ્ર ત્રિવેદી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**